# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી કેરળના ચાર દિવસના પ્રવાસ દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે
2. ફરજ દરમિયાન સાહસ અને શોર્ય દર્શાવીને શહિદ થનારા પોલીસ કર્મીઓને સમગ્ર રાષ્ટ્રે નતમસ્તક શ્રધ્ધાંજલી અર્પી
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે
4. જાપાનના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી તરીકે તકાઈચી સાનેને ચૂંટાયાં; પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અભિનંદન પાઠવ્યા
5. પંજાબ પોલીસે આજે અમૃતસરમાં રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડ અને લોન્ચર સાથે બે આતંકવાદીઓની ધરપકડ કરી

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PREZ - KERALA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કેરળના ચાર દિવસના પ્રવાસે તિરુવનંતપુરમ પહોંચશે. આવતીકાલે રાષ્ટ્રપતિ સબરીમાલા મંદિરના દર્શને જશે. સુશ્રી મુર્મુ ગુરુવારે તિરુવનંતપુરમ ખાતે રાજભવનમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે. આર. નારાયણનની પ્રતિમાનું અનાવરણ કરશે.

રાષ્ટ્રપતિ શ્રી નારાયણ ગુરુ સમાધિના શતાબ્દી સમારોહમાં પણ હાજરી આપશે. આ ઉપરાંત , પાલામાં સેન્ટ થોમસ કોલેજ અને એર્નાકુલમમાં સેન્ટ ટેરેસા કોલેજના કાર્યક્રમોમાં પણ ભાગ લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-HM-POLICE

આજે પોલીસ સ્મૃતિ દિવસ છે. વર્ષ ૧૯૫૯માં આજના દિવસે , લદ્દાખના હોટ સ્પ્રિંગ્સ ખાતે સશસ્ત્ર ચીની સૈનિકો દ્વારા કરાયેલા હુમલામાં દસ બહાદુર પોલીસકર્મીઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ૨૧ ઓક્ટોબરે દર વર્ષે પોલીસ સ્મૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે પોલીસ કર્મચારીઓની અનુકરણીય હિંમત અને સર્વોચ્ચ બલિદાનને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે, રાષ્ટ્ર અને લોકોની સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે પોલીસની અતૂટ પ્રતિબદ્ધતા આપણા ઊંડાણપૂર્વકના આદરને પાત્ર છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પોલીસ સ્મૃતિ દિવસ પર પોલીસ કર્મચારીઓની હિંમતને સલામ કરી અને તેમના સર્વોચ્ચ બલિદાનને યાદ કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે , પોલીસ કર્મીઓનું અડગ સમર્પણ રાષ્ટ્ર અને લોકોને સુરક્ષિત રાખે છે. તેમણે કહ્યું કે, કટોકટી અને જરૂરિયાતના સમયે તેમની બહાદુરી અને પ્રતિબદ્ધતા પ્રશંસનીય છે.

પોલીસ સ્મૃતિ દિવસ પર પોલીસ કર્મચારીઓને શુભેચ્છા પાઠવતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, પ્રથમ પ્રતિભાવ આપનાર તરીકે, પોલીસ દળોએ ગુનાઓ અને આંતરિક સુરક્ષા માટેના જોખમોને નિષ્ફળ બનાવી અને નાગરિકોના અધિકારોનું અનુકરણીય હિંમત અને પ્રતિબદ્ધતા સાથે રક્ષણ કરીને ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 26 ઓક્ટોબરે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશના લોકો સાથે પોતાના વિચારો વ્યક્ત કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 127મી કડી હશે.

લોકો આ મહિનાની 24 તારીખ સુધી ટોલ-ફ્રી નંબર 1800-11-7800 પર પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. આ સાથે નરેન્દ્ર મોદી એપ અથવા **MyGov** ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય મોકલી શકે છે.

. . . . . . . . . . . . . . . . .

# PM-ASRANI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકપ્રિય ફિલ્મ અભિનેતા ગોવર્ધન અસરાનીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, એક પ્રતિભાશાળી મનોરંજક અને બહુમુખી પ્રતિભા ધરાવતા કલાકાર , ગોવર્ધન અસરાનીએ પેઢી દર પેઢી દર્શકોનું મનોરંજન કર્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે , અસરાનીએ તેમના અવિસ્મરણીય અભિનય દ્વારા લોકોના જીવનમાં આનંદ અને હાસ્ય ઉમેર્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે , ભારતીય સિનેમામાં તેમનું યોગદાન હંમેશા યાદ રહેશે. તેમણે ગોવર્ધન અસરાનીના પરિવાર અને પ્રશંસકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

. . . . . . . . . . . . . .

# GST_STATIONARY

જીએસટી બચતોત્સવને કારણે દેશમાં સ્ટેશનરી સસ્તી થઇ ગઇ છે.. સ્ટેશનરી સસ્તી થતાં વિદ્યાર્થીઓને ફાયદો થશે તેવી વેપારી બાલકિશને પ્રતિક્રિયા આપી હતી.

## બાઇટ- સ્ટેશનરીના વેપારી

. . . . . . . . . . . . .

# USCIS CLARIFIED H-1B

અમેરીકામાં ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા તાજેતરમાં રજૂ કરાયેલ નવી 1 લાખ ડોલરની H-1B વિઝા ફી અમેરીકામાં અગાઉથી જ રહેતા આંતરરાષ્ટ્રીય સ્નાતકો અથવા હાલના H-1B વિઝા ધારકોને લાગુ નહીં પડે. અમેરિકન સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસે આ સ્પષ્ટતા કરી છે. આ સાથે જણાવ્યુ છે કે માન્ય F-1, L-1, અથવા H-1B વિઝા ધરાવતા લોકોને પણ આ ફીમાંથી મુક્તિ આપવામાં આવશે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પની જાહેરતમાં વિદેશી કુશળ કામદારોને સ્પોન્સર કરતા નોકરીદાતાઓ માટે ભારે ફી ફરજિયાત કરવામાં આવી હતી , જે 21 સપ્ટેમ્બરથી અમલમાં આવ્યા બાદ વ્યાપક મૂંઝવણ પછી આ જાહેરાત કરવામાં આવી છે. વધુમાં જણાવાયું છે કે ફી ફક્ત આ તારીખ બાદ સબમિટ કરવામાં આવેલી નવી અરજીઓ પર જ લાગુ થશે અને વર્તમાન H-1B ધારકોના મુસાફરી અધિકારોને અસર કરશે નહીં.

આ સ્પષ્ટતાથી ભારતીય વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે, જેઓ નવા H-1B ફાળવણીના લગભગ 70 ટકા હિસ્સો ધરાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# TN RAINS

તમિલનાડુના દરિયાકાંઠાના વિસ્તારમાં આગામી ચાર દિવસ વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર હવાનું હળવું દબાણ થવાની શક્યતા છે જે દક્ષિણ અને પશ્ચિમ મધ્ય બંગાળની ખાડી પર ડિપ્રેશનમાં પરિવર્તિત થવી સંભાવના છે.

હાલની પરિસ્થિતિ જોતાં તંજાવુર , કુડ્ડલોર અને રામનાથપુરમ સહિતના જલપ્લાવિત જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. 24મી તારીખ સુધી તુતીકોરીન , કન્યાકુમારી, તિરુનેલવેલી અને રાજ્યના ઉત્તરીય જિલ્લાઓ ચેન્નાઈ , તિરુવલ્લુર અને કાંચીપુરમમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.

. . . . . . . . . . . . .

# BURGE KHALIFA

વિશ્વની સૌથી ઊંચી ઇમારત , બુર્જ ખલીફા , દિવાળીની રોશનીથી ઝળહળી ઉઠી, જેમાં એક ખાસ સંદેશ આપવામાં આવ્યો. અંધકાર સામે જ્ઞાનના પ્રકાશના આ તહેવારને ઉજવવા માટે , દુબઈના આ પ્રતિષ્ઠિત સીમાચિહ્ન પર અંગ્રેજી અને હિન્દીમાં સંદેશાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

આ વર્ષે દુબઈમાં બે મુખ્ય દિવાળી કાર્યક્રમોમાં દુબઈ પોલીસ બેન્ડ દ્વારા એક ખાસ પ્રદર્શને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા.બેન્ડે અલ સીફ ખાતે દુબઈના 10 દિવસીય દિવાળી ઉત્સવ , "નૂર: પ્રકાશનો તહેવાર" ના સત્તાવાર લોન્ચ અને ભારતીય પ્રવાસી સમુદાય દ્વારા આયોજિત દિવાળી ઉજવણી બંનેમાં પ્રદર્શન કર્યું.

આ ઉજવણીમાં 100 થી વધુ ટીમો સાથે રંગોળી સ્પર્ધા અને 15 ભારતીય રાજ્યોના સહભાગીઓ સાથે લોક નૃત્ય સ્પર્ધાનો સમાવેશ થતો હતો.

. . . . . . . . . . . . . . .

# JAPAN-FIRST FEMALE PM- PM - JAPAN PM

જાપાનમાં તકાઈચી સાનેન પ્રથમ મહિલા પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયાં છે. તેઓ જાપાન ઇનોવેશન પાર્ટી (જેઆઈપી) સાથે નવી ગઠબંધન સરકાર બનાવશે. સમ્રાટ દ્વારા નિયુક્ત થયા બાદ તેઓ આજે સાંજે ઔપચારિક રીતે પદ સંભાળશે, ત્યારબાદ તેમની પ્રથમ પ્રેસ કોન્ફરન્સ કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાપાનના પ્રધાનમંત્રી તરીકે ચૂંટાઈ આવવા બદલ સનાઈ તકાઈચીને અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ કહ્યું કે તેઓ ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે તેમની સાથે નજીકથી કામ કરવા આતુર છે. તેમણે કહ્યું કે , બંને રાષ્ટ્રો વચ્ચેના ગાઢ સંબંધો સમગ્ર ઈન્ડો-પેસિફિક અને તેનાથી આગળ શાંતિ , સ્થિરતા અને સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MODI - ISRAEL PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી અને દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ બદલ તેમનો આભાર માન્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ પુનઃપુષ્ટિ કરી કે ભારત-ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારી આગામી વર્ષોમાં પણ ખીલતી રહેશે.

. . . . . . . . . . . . . . . . .

# PUNJAB-TERROR OPERATIVES

પંજાબ પોલીસે આજે અમૃતસરમાં રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડ અને લોન્ચર સાથે બે આતંકવાદીઓની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર , પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બંને કાર્યકરો પાકિસ્તાનના ISI ઓપરેટિવના સંપર્કમાં હતા જેમણે હથિયાર મોકલ્યા હતા.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડ પંજાબમાં લક્ષિત આતંકવાદી હુમલા માટે બનાવાયેલ હતું. આ વધુ તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . .

# JAYANT-PHILIPPINES

કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્યમંત્રી જયંત ચૌધરી ફિલિપાઇન્સમાં વિશ્વ બેંક દ્વારા સંચાલિત ઉચ્ચ-સ્તરીય જ્ઞાન વિનિમય મિશનનું નેતૃત્વ કરી રહ્યા છે. આ ત્રણ દિવસીય મુલાકાતનો ઉદ્દેશ્ય કૌશલ્ય વિકાસ, શ્રમ ગતિશીલતા અને ડેટા-આધારિત નીતિ માળખા સંબંધિત ક્ષેત્રોમાં જ્ઞાનના વિનિમયને પ્રોત્સાહન આપવાનો છે. ભારતીય પ્રતિનિધિમંડળમાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણા રાજ્યોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# IRAN REJECT NUKE TALK

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખામેનીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પરમાણુ વાટાઘાટો ફરી શરૂ કરવાની દરખાસ્તને નકારી કાઢી . તેમણે અમેરિકાએ ઈરાનની પરમાણુ ક્ષમતાઓનો નાશ કર્યો હોવાના ટ્રમ્પના દાવાને પણ ફગાવી દીધો.

આ ટિપ્પણીઓ જૂનમાં અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાની પરમાણુ સ્થળોને નિશાન બનાવતા 12 દિવસના હવાઈ અભિયાન પછી સમાપ્ત થયેલી પરોક્ષ વાટાઘાટોના પાંચ રાઉન્ડ પછી થઈ હતી.

ખામેનીએ ઈરાનના પરમાણુ કાર્યક્રમમાં અમેરિકાની દખલગીરીની પણ નિંદા કરતાં તેને બળજબરી અને ગેરકાયદેસર ગણાવી. ઉલ્લેખનીય છે કે પશ્ચિમના દેશો ઈરાન પર ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રો બનાવવાનો આરોપ લગાવે છે, ત્યારે ઈરાનનું કહેવું છે કે તેનું યુરેનિયમ સંવર્ધન નાગરિક ઉર્જા ઉપયોગ માટે છે.

. . . . . . . . . . . . .